१९-१२-२०२२ प्रातःमोरली ओम् शांति "बापदादा" मधुबन

**"મીઠાં બાળકો - શિવબાબા આ સમયે તમારી સામે હાજીર-નાઝીર (હાજરા-હજૂર) છે, તમને પહેલાં આ નિશ્ચય જોઈએ કે અમને ભણાવવા વાળા સ્વયં શિવબાબા છે, કોઈ દેહધારી નથી"**

**પ્રશ્ન :-** બાપ ને કયો પ્રશ્ન પૂછવો જેમ કે બાપનું અપમાન છે?

**ઉત્તર :-** બાળકો બાપને પૂછે છે - બાબા તમારી આ તન માં પધરામણી ક્યાં સુધી છે અથવા વિનાશ ક્યારે થશે? બાબા કહે છે - આ જેમકે તમે મારું અપમાન કરો છો. મહેમાન ને પૂછવું કે તમે બાકી કેટલાં દિવસ રહેશો? આ તો અપમાન થયું ને! કહેશે શું હું તમારા માટે બોજ થઈ પડ્યો છું. શિવબાબા તો જ્યાં સુધી અહીં છે-ત્યાં સુધી આપ બાળકો ખુશ છો ને એટલે એવાં પ્રશ્ન બાપ ને ન પૂછવાં જોઈએ.

**ઓમ્ શાંતિ!** બાબા બેસીને બ્રહ્મા દ્વારા પોતાનાં બાળકો, બ્રહ્માકુમાર અને કુમારીઓને સમજાવે છે. બ્રહ્માકુમાર કુમારીઓ પણ સમજે છે કે નિરાકાર બાપ બ્રહ્મા દ્વારા સમજાવી રહ્યાં છે. બાપ તો છે નિરાકાર. કોઈને સાક્ષાત્કાર પણ કરાવવો હશે તો બ્રહ્માનું શરીર જ સામે કરીશ. જો સ્વયં નો સાક્ષાત્કાર કરાવે તો કોઈ સમજી ન શકે. એ તો એક બિંદુ છે. હવે જેમ આત્મા સ્ટાર (સિતારો) છે, તેમ પરમાત્મા પણ બિંદુ છે. આ બુદ્ધિ થી સમજાય છે. ભલે સાક્ષાત્કાર થાય પણ, વસ્તુ તો એ જ દેખાશે બીજી કઈ વસ્તુ હોઈ શકે છે! ખાસ કરીને ઘણાઓને બ્રહ્માનો સાક્ષાત્કાર કરાવે છે કે આમની પાસે જાઓ. નાની વસ્તુને કોઈ સમજી ન શકે. બ્રહ્મા દ્વારા બાપ સમજાવે છે, જ્ઞાન આપે છે. કહે છે - બાળકો હું આ સાધારણ મનુષ્ય તન નો આધાર લઉં છું. બ્રહ્મા તો નામીગ્રામી (પ્રખ્યાત) છે. સમજશે બાબા આમનામાં છે. આ બાબા નો રથ છે. બાબા ન હોત તો આ બ્રહ્મા પણ ક્યાંના. તો આ બી.કે. પણ ક્યાંના. બાળકોને જ્ઞાન મળે છે. તમે સમજો છો આ જ્ઞાન સિવાય પરમપિતા પરમાત્મા નાં કોઈ આપી ન શકે. નોલેજફુલ (જ્ઞાન સાગર) એ નિરાકાર છે. સિવાય ઓરગન્સ (કર્મેન્દ્રિયો) નાં જ્ઞાન આપી કેવી રીતે શકે? બાળકોને આ નિશ્ચય થઈ જવો જોઈએ કે આ સમયે બાબા હાજીર-નાઝીર છે. બુદ્ધિ કહે છે બાબા આમનામાં પ્રવેશ છે, જે બેસી જ્ઞાન આપે છે. એ પરમપિતા પરમાત્મા નાં સિવાય સ્વર્ગ નો વારસો મળી ન શકે.

આપ બાળકો જાણો છો ભક્તિમાર્ગ માં જે પણ તહેવાર વગેરે મનાવાય છે તે બધાં આ સમય નાં જ યાદગાર છે. શિવજયંતી પણ આ સમય નો જ તહેવાર છે. ત્રિમૂર્તિ શિવ, પરમપિતા પરમાત્મા બ્રહ્મા દ્વારા સ્થાપના કરે છે. શ્રીકૃષ્ણ થોડી નવી દુનિયાની સ્થાપના કરશે. બ્રાહ્મણ કુળ ચાલ્યો આવે છે. એમને આ ખબર નથી કે બ્રાહ્મણ સો દેવતા બની જાય છે. બ્રહ્માનાં સંતાન તમે બ્રાહ્મણ છો. જે પણ મનુષ્ય માત્ર છે, બધાં ધર્મ વાળા એમને સમજમાં આવે છે કે અમારા ગ્રેટ-ગ્રેટ ગ્રેન્ડ ફાધર બ્રહ્મા છે, જેમને આદમ-બીબી અથવા આદિ દેવ, આદિ દેવી કહે છે. એ પણ શિવબાબા ની રચના છે. બાબાએ રચના કેવી રીતે રચી? એડોપ્ટ કર્યા (અપનાવ્યાં). આ છે પહેલાં નંબરની વાત. અલ્ફ પછી બે. આ વાતોને જે સારી રીતે સમજે છે એ જ ઊંચ પદ મેળવે છે.

હમણાં આપ બાળકો સમજો છો મનુષ્ય કેટલાં ઘોર અંધારા માં છે. કલ્પ પહેલાં પણ જ્યારે આગ લાગી હતી ત્યારે જાગ્યા હતાં. તે સીન (દૃશ્ય) ફરી થશે. થવાનું પણ જરુર છે. બીજા ધર્મ વાળા આ વાતો ને સમજશે નહીં, ન પુરુષાર્થ કરશે. સતયુગ માં તો આટલાં મનુષ્ય આવી ન શકે. ત્યાં ખૂબ થોડા હશે, જે સૂર્યવંશી ઘરાના (વંશજ) માં રાજ્ય કરશે. બધાં ડ્રામા નાં બંધન માં બંધાયેલા છે. બાપ સ્વયં કહે છે હું પણ ડ્રામા નાં બંધનમાં બંધાયેલો છું. કોઈ વાત નો રેસ્પોન્ડ (જવાબ) ડ્રામા માં હશે તો બતાવીશ. ડ્રામા નું બધું રહસ્ય હમણાં થોડી

બતાવીશ. મારામાં પણ પાર્ટ નોંધાયેલો છે. જેમ ઈમર્જ થતો (યાદ આવતો) જાય છે, તમને સમજાવું છું. બધું ડ્રામા અનુસાર જ ચાલે છે, આમાં ફરક નથી પડી શકતો. ડ્રામામાં નહીં હોય તો રેસપોન્ડ કરશે નહીં. એવું નહીં કે હમણાં બતાવી દઈશ કે બાકી આટલાં વર્ષ છે. બાબા ને પૂછે છે - બાબા ક્યાં સુધી આ શરીરમાં મુસાફરી કરશો? બતાવશો નહીં. ડ્રામામાં નથી તો શું કરી શકે. ડ્રામામાં હશે તો બતાવશે. હું આવ્યો જ છું આપ બાળકોને ભણાવવાં. હું તમારો બાપ પણ છું. તમે ગાઓ છો તમે માતા-પિતા.... એ જ પાર્ટ ભજવી રહ્યો છું. મારી ફરજ છે તમને શિક્ષા આપવી. મને કહે છે જ્ઞાનનાં સાગર, મનુષ્ય સૃષ્ટિનાં બીજરુપ. ચૈતન્ય બીજ તો બધુંજ બતાવશે ને. આ ઝાડ પર વડ નાં ઝાડ નું ઉદાહરણ અપાય છે. તમે જુઓ છો દેવી-દેવતા ધર્મ હમણાં નથી. બાકી બધાં ધર્મ છે. હવે આ બધું ખલાસ થઈ જશે. પછી પોતાનાં સમય પર આવીને સ્થાપના કરશે. હું દેવતા ધર્મની સ્થાપના કરાવી રહ્યો છું. જ્યારે આ ધર્મ પ્રાયઃલોપ છે, ચિત્ર છે. પરંતુ આ કોઈને ખબર નથી કે દેવી-દેવતા ધર્મ ક્યારે હતો. ક્યાં ગુમ થઈ ગયો. ફક્ત કહે છે લક્ષ્મી-નારાયણ નું રાજ્ય હતું. આ શાસ્ત્ર વગેરે બધાં ભક્તિમાર્ગ માટે છે. દ્વાપર માં બેસી આ શાસ્ત્ર વગેરે બનાવશે. સચખંડ માં ફક્ત દેવતા રાજ્ય કરતા હતાં. આ છે જ ખોટો ખંડ. ત્યાં તો કોઈ પણ પાપ નથી થતું. હવે બાપ તમને પુણ્ય આત્મા બનાવી રહ્યાં છે. ડ્રામા માં નોંધ છે. રાવણ રાજ્ય માં જ ભક્તિ, શાસ્ત્ર વગેરે શરું થાય છે. આ અનાદિ ડ્રામા શૂટ થયેલો (બનેલો) જ છે. આ છે જ ખોટી દુનિયા. ઈશ્વર માટે પણ ખોટું જ ખોટું બોલે છે. ઈશ્વર તો ઊંચા માં ઊંચા છે, આપણે એમને મળવા ઈચ્છીએ છીએ તો જરુર એમની પાસેથી કાંઈક મળે છે. બાપ પાસે થી શું મળશે? એ છે સર્વનાં સદ્ગતિ દાતા. સર્વને દુઃખ થી છોડાવે છે. રાવણ પણ ખૂબ જબરજસ્ત છે. અડધોકલ્પ એનું રાજ્ય ચાલે છે. પરંતુ એ દુઃખ આપે છે એટલે બધાં મનુષ્ય બાપ ને યાદ કરે છે. રાવણ તમારી બધી રાજધાની છીનવી લે છે, આટલો જબરજસ્ત છે. હવે તમને ખબર પડી છે - બાપ આપણને વારસો આપે છે, રાવણ શ્રાપ આપે છે. મનુષ્યો ને આ ખબર નથી કે બાપ ક્યારે વારસો આપે છે. શ્રીકૃષ્ણનું નામ ગીતા માં નાખવાથી ગીતા ને ખોટી કરી દીધી છે. મોટાં માં મોટી ભૂલ આ છે. આ બાબા પણ તો નારાયણ નાં પાક્કા ભગત હતાં, ગીતા વાંચતા હતાં. ગીતા વાંચ્યાં વગર કોઈ કામ નહોતાં કરતાં. જ્યારે સાક્ષાત્કાર થયો નિશ્ચય થઈ ગયો કે બાપ મને આનો (લક્ષ્મી-નારાયણ નો) વારસો આપે છે. હવે તો ઘણું બધું સમજ માં આવી ગયું છે, શિવબાબા સમજાવતા રહે છે. ક્યારેય કોઈ શાસ્ત્ર નથી ઉઠાવ્યું. બાબા સંભળાવી રહ્યાં છે. આ (બ્રહ્મા) પણ કહે છે - હું સાંભળી રહ્યો છું. ક્યારેક બાબા નથી તો આ પણ સંભળાવે છે. આમાં બાબા છે, એટલે બ્રહ્માનું નામ પણ આટલું નથી. અજમેર માં એક મંદિર બનાવ્યું છે, પરંતુ કાંઈ સમજતાં નથી. શ્રીકૃષ્ણ ને મોરલી આપી અને સરસ્વતી ને સિતાર આપ્યો છે. સરસ્વતી ને ગોડેઝ ઓફ નોલેજ (જ્ઞાન ની દેવી) કહેવાય છે. ગોડ ઓફ નોલેજ બ્રહ્મા નાં બદલે શ્રીકૃષ્ણને કહી દીધું છે. મૂંઝાયેલાં છે.

બાબા બાળકોને સમજાવે છે ત્રિમૂર્તિમાં શ્રીકૃષ્ણ તો નથી. ભલે કરીને છે પરંતુ ગુપ્ત. રાધા-કૃષ્ણ જ લક્ષ્મી-નારાયણ બને છે, આ પણ કોઈને ખબર નથી કે પરમપિતા પરમાત્માએ સમજાવ્યું હતું. હમણાં પણ સમજાવતાં રહે છે. સાધુ-સંત વગેરે આ વાત ને સમજી જાય તો અહીં બધાંની ભીડ મચી (જામી) જાય. પરંતુ ડ્રામા માં એવું પણ નથી. બાપ કહે છે - હું સંગમ પર આવીને રાજયોગ શિખવાડું છું, જે પાસ થાય છે તે સૂર્યવંશી બને છે, જે ફેલ થાય છે તે ચંદ્રવંશી બને છે. સૂર્યવંશી ની પ્રજા સૂર્યવંશી હશે, ચંદ્રવંશી ની પ્રજા ચંદ્રવંશી હશે. આપ બાળકોની બુદ્ધિમાં આખાં ચક્ર નું જ્ઞાન છે. તમે છો સ્વદર્શન ચક્રધારી બ્રાહ્મણ. આ છે સર્વોત્તમ

બ્રાહ્મણ કુળ. તમે સેવાધારી છો. તમે ગુપ્ત વેશ માં ભારત ને યોગબળ થી સ્વર્ગ બનાવો છો. તમારા માટે સ્વર્ગ જરુર જોઈએ. જૂની દુનિયાને ખતમ કરવી પડે. શ્રીમત પર તમે પોતાની રાજધાની સ્થાપન કરી રહ્યાં છો. યાદવો ની રાજાઇ ખતમ થવાની છે. પાંડવ રાજાઈ સ્થાપન કરી રહ્યાં છે - નવી દુનિયા માટે. જૂનાં ભંભોર ને આગ લાગવાની છે. આ પણ સમજો છો - બાકી કેટલાં દિવસ હશે? ખૂબ થોડાં. બાકી કેટલો સમય છે? આ આપણે પૂછી ન શકીએ. મહેમાન ને પૂછાતું નથી, તમે કેટલાં દિવસ રહેશો? કહેશે હું કદાચ બોજ છું. શિવબાબા કહે છે - હું અહીં છું તો તમે ખુશ રહો છો ને. પછી પૂછો કેમ છો કે ક્યાં સુધી પધરામણી છે? આ પૂછવું પણ જેમકે અપમાન છે, આમાં પણ લજ્જા (શરમ) આવવી જોઈએ. આ પૂછવાનું તો એવું થયું કે બાબા જલ્દી જાય તો સારું એટલે એવાં-એવાં સવાલ બાપ ને પૂછી પણ ન શકાય. એવાં બાપ તો કોઈ હોઈ ન શકે. બાળક જ બાપ ને જાણી ગયાં છે. શ્રીકૃષ્ણ નાં માટે એવું નહીં કહેશે કે આમાં પરમાત્મા છે. શ્રીકૃષ્ણ જ યાદ આવતા રહેશે. પરમાત્મા તો યાદ આવી ન શકે. શ્રીકૃષ્ણને જ જોતા રહેશે. શિવ ને યાદ જ ન કરે એટલે આપ બાળકોને સમજાવાયું છે કે શિવબાબા ને યાદ કરો. દેહ-અભિમાન માં નથી રહેવાનું. શ્રી કૃષ્ણની મહિમા કોઈ ઓછી નથી. બાપ કહે છે મારે આવવાનું જ છે પારકા દેશ, જૂનાં શરીર માં. શ્રીકૃષ્ણ તો રાવણનાં દેશ માં આવી ન શકે. હવે તમે જાણો છો કે શ્રીકૃષ્ણ નો આત્મા પુનર્જન્મ લેતા-લેતા હવે આ શરીર માં છે. આ અંતિમ શરીર છે. આ જ પછી નંબરવન પાવન શરીર બને છે. આ બધી વાતો બીજા કોઈની બુદ્ધિમાં આવી ન શકે. રાવણનું ચિત્ર બનાવે છે પરંતુ સમજતાં નથી કે રાવણની પ્રવેશતા ક્યારથી થઈ છે? બાળતા જ આવે છે. મરી જાય તો પછી બાળવાનું બંધ કરી દે, મરતો નથી. દરેક વર્ષે બાળે છે. આ બધો છે ભક્તિમાર્ગ. બાપ કહે છે મેં તમને સૂર્યવંશી, ચંદ્રવંશી બનાવ્યાં. તમે પછી શુદ્રવંશી બન્યાં કેવી રીતે? હવે ફરી તમને સૂર્યવંશી, ચંદ્રવંશી બનાવી રહ્યો છું. હમણાં તમે જાણો છો અમે વિશ્વ પર જીત મેળવીએ છીએ પછી હાર ખાઈએ છીએ. જ્યારે દેવી-દેવતા ધર્મ હતો તો બીજો કોઈ ધર્મ નહોતો. હવે ફરી એ ધર્મ સ્થાપન થશે તો બીજા બધાં ધર્મ ખતમ થઈ જશે. અણસાર પણ તમને દેખાશે. કેટલું સાયન્સ (વિજ્ઞાન) નું કામ ચાલી રહ્યું છે. ખુશી પણ મનાવે છે. એવું એરોપ્લેન નીકળશે જે ૩-૪ કલાક માં લંડન પહોંચાડશે. આજકાલ એરોપ્લેન માં હાથી, વાંદરા, દેડકા બધાં જાય છે. આ સુખ માટે પણ છે તો દુઃખ માટે પણ છે. ત્યાં વિમાન માં ફરે છે. હમણાં તમે ઊંચી તકદીર બનાવવા માટે આવ્યાં છો. તમે જ દેવી-દેવતા બની રહ્યાં છો. સ્વર્ગ નું નામ ગાય છે પરંતુ જાણતાં નથી કે સ્વર્ગ ક્યારે હતું? કહે છે સ્વર્ગ પધાર્યા તો જરુર નર્ક માં હતાં. પરંતુ સીધું કહો તમે નર્કવાસી છો તો ગુસ્સો આવશે. હવે તમારા માં તાકાત છે. તમે કહી શકો છો તમે પતિત-પાવન ને બોલાવો છો તો જરુર પતિત છો. બાપ કહે છે - હવે ઝાડ ની જડજડીભૂત અવસ્થા થઈ છે. મહાભારે લડાઈ પ્રસિદ્ધ છે. તમે જાણો છો આપણે આવ્યાં છીએ રાજાઈ લેવાં. આપણે સ્થાપના નાં નિમિત્ત છીએ. આગળ ચાલી આ સંન્યાસી, મહાત્માઓ પણ તમારી વાત માનશે, આ બધું ડ્રામા માં નોંધ છે. અચ્છા!

મીઠાં-મીઠાં સિકિલધા બાળકો પ્રતિ માત-પિતા બાપદાદા નાં યાદ-પ્યાર અને ગુડમોર્નિંગ. રુહાની બાપ નાં રુહાની બાળકોને નમસ્તે.

**ધારણા માટે મુખ્ય સારઃ-**

1) ગુપ્ત રુપમાં યોગબળ થી ભારત ને સ્વર્ગ બનાવવાની સેવા કરવાની છે, રુહાની સેવાધારી બનવાનું છે.

2) આપણું સર્વોત્તમ બ્રાહ્મણ કુળ છે, આપણે સ્વદર્શન ચક્રધારી છીએ. આ નશામાં રહેવાનું છે. કોઈપણ વાત માં સંશય નથી ઉઠાવવાનો.

**વરદાન :- પરમાત્મ ચિંતન નાં આધાર પર સદા બેફિકર રહેવાવાળા નિશ્ચયબુદ્ધિ, નિશ્ચિંત ભવ**

દુનિયા વાળાને દરેક કદમ માં ચિંતા છે અને આપ બાળકોનાં દરેક સંકલ્પ માં પરમાત્મ ચિંતન છે એટલે બેફિકર છો. કરાવનહાર કરાવી રહ્યાં છે આપ નિમિત્ત બની કરવાવાળા છો, સર્વ નાં સહયોગ ની આંગળી છે એટલે દરેક કાર્ય સહજ અને સફળ થઈ રહ્યું છે, બધું ઠીક ચાલી રહ્યું છે અને ચાલવાનું જ છે. કરાવવા વાળા કરાવી રહ્યાં છે આપણે ફક્ત નિમિત્ત બની તન-મન-ધન સફળ કરવાનું છે. આ છે બે ફિકર નિશ્ચિત સ્થિતિ.

**સ્લોગન :-** સદા સંતુષ્ટતા નો અનુભવ કરવો છે તો બધાંની દુવાઓ લેતાં રહો.